**મે.વલસાડ ખાતેનાં મજુર અદાલત નં.ર ના પ્રિસાઈડીંગ ઓફિસર**
**શ્રી કે.એચ.ટૂંકવાલા સાહેબ સમક્ષ, મુકામ વલસાડ.**

**રીકવરી અરજી નં.૦૨/૨૦૨૦**
**આંક–૧૧**

**અરજદાર :–** **શ્રી રમેશ ઝીફરા મોરે**
રહે : ઘર નં. ૨૫૪/૩, રોહિતવાસ, મુ.પો. દહેરી,
તા. ઉમરગામ, જી.વલસાડ–૩૯૬૧૭૧.

**–: વિરૂધ્ધ :–**

**સામાવાળા:–** **અરીહંત ટ્રાન્સપોર્ટ**
ઠે.મુ.પો. સોલસુંબા, જી.આઈ.ડી.સી.,
ઉમરગામ રોડ, તા. ઉમરગામ,
જી. વલસાડ.

**હાજર રહયા :–**
**અરજદાર તરફે** :– વિ.વકીલશ્રી જે.ડી.પુરોહિત.
**સામાવાળા તરફે** :– ગેરહાજર

**–: હુ ક મ :–**

(૧) આ કામનાં અરજદારે સદરહુ વસુલાત અરજી ઔદ્યોગીક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ – ૩૩ સી ની પેટા કલમ–૧ મુજબ દાખલ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર કામદાર સામાવાળા સંસ્થામાં સળંગ ૨૨ વર્ષથી ફોર વ્હીલર ડ્રાઈવર (વાન ચાલક) તરીકે નોકરીની ફરજ બજાવતો હતો. અરજદાર કામદારને સામાવાળા સંસ્થા તરફથી છેલ્લો માસિક રુા. ૧૭,૦૦૦/– વેતનની ચુકવણી કરવામાં આવતી હતી. અરજદાર કામદારને સામાવાળા સંસ્થા તરફથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે તા.૦૫/૦૫/૨૦૧૬ ના રોજ નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરેલ. જેથી હું અરજદાર કામદારે સામાવાળા સંસ્થા વિરુધ્ધ પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત થવા બાબતે રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૦૪/૨૦૧૭ ન્યાય નિર્ણય અર્થે રીફર કરાવેલ હતો. વલસાડની નામદાર મજુર અદાલતે અરજદાર કામદારનો રેફરન્સ કેસ તા.૧૧/૧૧/૨૦૧૯ ના રોજ આંક–૨૦ ના હુકમ મુજબ અંશતઃ મંજુર રાખેલ હતો. અરજદાર કામદારે રેફરન્સ કેસમાં આવેલ એવોર્ડનું પાલન કરવા બાબતે સામાવાળા સંસ્થાને રજી.એ.ડી. પોષ્ટ મારફતે તા. ૦૬/૦૨/૨૦૨૦ ના રોજ નોટીસ મોકલાવેલ હતી. જે નોટીસ સામાવાળા સંસ્થાને મળવા છતાં નોટીસમાં જણાવ્યા મુજબ સામાવાળા સંસ્થા તરફથી અરજદાર કામદારને નોકરીમાં પુનઃસ્થાપિત કરેલ નહિં કે રેફરન્સ કેસમાં પસાર કરવામાં આવેલ પડેલા દિવસોના પગારના નાણાં અરજદાર કામદારને ચકુવી આપેલ નથી. આમ, સામાવાળા સંસ્થા તરફથી રેફરન્સ કેસમાં આવેલ ચુકાદાનું પાલન અને અમલ કરેલ નથી. સામાવાળા સંસ્થા તરફથી રેફરન્સ કેસના ચુકાદાને સક્ષમ કોર્ટમાં પડકારેલ નથી કે સંબંધેની કોઈ નોટીસ કે અપીલની નકલ અરજદાર કામદારને આજદિન સુધી મળેલ નથી. જેથી અરજદાર કામદારને હાલની રીકવરી અરજી આપ નામદાર કોર્ટ સમક્ષ દાખલ કરવાની ફરજ પડેલ છે. વધુમાં અરજદાર કામદાર સામાવાળા સંસ્થા પાસેથી રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૦૪/૨૦૧૭ માં આવેલ એવોર્ડ મુજબનાં રુા.૫,૨૨,૦૦૦/–

તથા અરજી ખર્ચના રુા.૫૦૦૦/– મળી કુલ રુા.૫,૨૭,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ સત્યાવીસ હજાર પુરા) સામાવાળા સંસ્થાને ચુકવી આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તર્ફે અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવા :–**

અરજદાર તરફે આંક–૭ થી સોગંદનામા ઉપર સરતપાસ રજુ થયેલ છે.

**દસ્તાવેજી પુરાવા:–**

આ કામના અરજદાર દવારા આંક–૩ ના લિસ્ટ થી નીચે મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે.

| ક્રમ | દસ્તાવેજોની વિગત | નિશાની/આંક |
|---|---|---|
| ૧. | વલસાડની નામદાર બીજી મજુર અદાલત તરફથી રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૦૪/૨૦૧૭ કેસમાં પસાર કરવામાં આવેલ ઓર્ડરની ખરી નકલ. તા.૧૧/૧૧/૨૦૧૯ | ૩/૧ |
| ૨. | ––એજન–– અ.નં.૧ વાળા એવોર્ડનું પાલન કરવા અરજદાર કામદારે સામાવાળા સંસ્થાને એડવોકેટ મારફતે રજી.એ.ડી. પોષ્ટ મારફતે મોકલાવેલ નોટીસની સ્થળપ્રત તા.૦૬–૦૨–૨૦૨૦ | ૩/૨ |
| ૩. | ––એજન–– અ.નં.૨ વાળી નોટીસ સામાવાળા સંસ્થાને રજી.એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ. તા. અરજદારે સામાવાળાને લખેલ પત્રની નકલ.તા.૦૬–૦૨–૨૦૨૦ | ૩/૩ |
| ૪. | ––એજન–– અ.નં.૨ વાળી નોટીસ સામાવાળા સંસ્થા તરફથી લેવાની ના પાડતા પરત આવેલ અસલ રજી.એ.ડી. બંધ કવર. | ૪/૪ |

(૩) સદર અરજી દાખલ થતાં આ કામે આંક–૨ થી સામાવાળા તરફે વિ.વકીલશ્રી જે.ડી.પુરોહિતનું વકીલ પત્ર રજુ થયેલ છે. સદર કામે સામાવાળાને આંક–૪ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ બજી ગયેલ છે આમ છતાં સામાવાળા તરફે કોઈ હાજર થયેલ નથી. ત્યાર બાદ આંક–૬ થી અરજદાર તરફે જવાબ રજુ કરવાનો હકક બંધ કરવા અરજી રજુ કરેલ છે. જે ઉપર ઉકમ કરી સામાવાળાના જવાબનું સ્ટેજ બંધ કરવામાં આવે છે. આંક–૭ થી અરજદાર તરફે સોગંદનામા ઉપર સરતપાસ રજુ થયેલ છે. ત્યાર બાદ આંક–૮ થી અરજદાર તરફે અરજદારની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવા અરજી રજુ કરેલ છે. જે ઉપર હુકમ કરી સામાવાળાની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવે છે. આંક–૯ થી અરજદાર તરફે કલોઝીગ પુરસીસ રજુ કરેલ છે. આંક–૧૦ થી અરજદાર તરફે સામાવાળાના સાક્ષી પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવા અરજી રજુ કરેલ છે. જે ઉપર હુકમ કરી સામાવાળાના સાક્ષી પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. અરજદારના વિ.વકીલની દલીલ સાંભળી તથા રેકર્ડ વંચાણે લઈ સદર કામ હુકમ પર લેવામાં આવેલ છે.

(૪) આ કામે કેસનું રેકર્ડ તથા અરજદારની રજુઆત ઘ્યાને લેતાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

૧. શું અરજદાર રીકવરી અરજી મુજબના નાણાં મેળવવા હકકદાર થાય છે.?

૨. શુ હુકમ?

<u>ઉપરોકત મુદ્દાઓ અંગે ટુકમાં જવાબ નીચે મુજબ છે.</u>

**– : જવાબો :–**

મુદ્દા નં.૧ : હકારમાં,

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ

**–: કારણો :–**

**મુદ્દા નં. ૧ :–**

(૫) સમગ્ર કેસનું રેકર્ડ તથા અરજદાર તરફેની રજુઆતો ઘ્યાને લેતાં શું અરજદાર રીકવરી અરજી મુજબના નાણાં મેળવવા હકકદાર થાય છે.? આ કામના અરજદારે રેફરન્સ રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૦૪/૨૦૧૭ ના કામે તા.૧૧/૧૧/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ એવોર્ડ મુજબની રકમની રીકવરી કરવા માટે હાલની અરજી કરેલ છે. જે રેફરન્સ રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૦૪/૨૦૧૭ના કામે તા.૧૧/૧૧/૨૦૧૯ ના રોજ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવેલ છે.

**"હુ ક મ**

(૧) બીજા પક્ષકાર કામદારનો રેફરન્સ અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના બીજા પક્ષકાર કામદારને તા.૦૫/૦૫/૨૦૧૬ મા મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકારનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે અને બીજા પક્ષકાર કામદારને સળંગ નોકરીથી પડેલા દિવસોના ૭૦% પગાર સાથે તેમની અસલ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા આ એવોર્ડ પ્રસિઘ્ધ થયેથી દિન–૩૦ માં પ્રથમ પક્ષકાર સંસ્થાને હુકમ કરવામાં આવે છે.

(૩) આ રેફરન્સના ખર્ચ પેટે રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને ચુકવી આપવા.

સ્થળઃ વલસાડ.

તા.૧૧/૧૧/૨૦૧૯."

(૬) સમગ્ર કેસનું રેકર્ડ તથા અરજદાર તરફે રજુઆતો ઘ્યાને લેતાં અરજદારની અરજી મંજુર થવા પાત્ર છે કે કેમ? તે બાબતે જોઈએ તો અરજદારે તેમની આંક – ૧ ની અરજીનાં સમર્થનમાં આંક–૭ ના પુરાવારુપે સોગંદનામુ ઉપર જુબાની આપેલ છે. જે ઉપર સામાવાળા ને ઉલટ તપાસની તક આપવા છતાં ઉલટ તપાસ કરેલ નથી. આમ સંસ્થા એ અરજદારનાં પુરાવાને પડકારેલ નથી. જયારે સંસ્થાને સદર અરજીની નોટીસ બજી જવા છતાં હાજર રહી અરજીની હકીકતો કે પુરાવાને પડકારતા ન હોય ત્યારે પુરાવાને નહી માનવાને કોઈ કારણ નથી. પરંતુ કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંતો મુજબ અરજદારની અરજીની હકીકતો સાબીત કરવાનો બોજો અરજદાર ઉપર છે. અરજદારે પોતાની અરજીની હકીકતો સાબિત કરવા સચોટ નહિં તો માનવા લાયક પુરાવો રજુ કરવો પડે કે જેથી અરજદારની અરજીની

હકીકતો અદાલત સંભવિત રીતે માની શકે. આ કામના સામાવાળા આ કામે હાજર રહેલ નથી કે અરજદારની અરજીની હકીકતોને પડકારેલ નથી. જેથી આ કામના અરજદાર સામાવાળાના કામદાર હોવાનું ન માનવા કોઈ કારણ નથી અને રજુ દસ્તાવેજો લક્ષમાં લેતા તેમના પડેલા દિવસોના પગારના નાણા સામાવાળા પાસેથી નીકળતા હોવા બાબતની હકીકતને ન માનવા પણ કારણ નથી. અરજદારે રેફરન્સ રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૦૪/૨૦૧૭ ના કામે તા.૧૧/૧૧/૨૦૧૯ના રોજ થયેલ હુકમ વિરૂધ્ધ સંસ્થા તરફથી નામદાર ઉપલી અદાલતમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય અથવા તો આ હુકમો વિરૂધ્ધ ફરી ફાઈલ અરજી દાખલ થયેલ છે કે કેમ તે અન્વયેનો અભિપ્રાય કચેરીમાંથી મંગાવવામાં આવતા, સામાવાળા ઘ્વારા કોઈ પરચુરણ અરજી દાખલ કરવામાં આવેલ નથી તેમજ તે મુળ હુકમ સામે સામાવાળા તરફે નામદાર હાઈકોર્ટમાં કોઈ અપિલ વિ. દાખલ કરેલ હોવાનું રીટ રજીસ્ટર ચકાસતા દાખલ થયેલાનું જણાતું ન હોવા બાબતનો અભિપ્રાય રજુ થયેલ છે.

(૭) આ કામના અરજદારે પોતાની અરજી સાથે પરિશિષ્ટ મુજબ પોતાની, સામાવાળા પાસે નીકળતી રકમનો કોષ્ટક રજુ કરેલ છે. તથા રેફરન્સ (એલ.સી.વી.) નં. ૨૦૪/૨૦૧૭ના કામે તા.૧૧/૧૧/૨૦૧૯ના કામે થયેલ હુકમ લક્ષમાં લેવામાં આવે તો અરજદારને રુા.૫,૨૨,૦૦૦/– તથા અરજી ખર્ચના રુા.૫૦૦૦/– મળી કુલ રુા.૫,૨૭,૦૦૦/– લેણી નીકળીતી હોવાનું જણાય છે. અરજદાર માત્ર પગારના તફાવતનાં રુા.૫,૨૨,૦૦૦/– તથા રીકવરી ખર્ચના રૂા.૫,૦૦૦/– કાયદેસર મેળવવા હકકદાર ઠરે છે તેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) હાલના અરજદારનાં સામાવાળાઓ પાસે રૂા.૫,૨૭,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ સત્યાવીસ હજાર પુરા) બાકી લેણી નીકળે છે તેમ ઠરાવવામાં આવે છે.

(૩) હાલના સામાવાળાએ ઉપરોકત બાકી લેણી રકમ હુકમની જાણ થયેથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવે છે. આ કામના સામાવાળા ઉપરોકત દિન–૩૦માં અરજદારને રકમ ચુકવી આપવામાં કસુર કરે તો, આ કામના સામાવાળા અરીહંત ટ્રાન્સપોર્ટ, મુ.પો. સોલસુંબા, જી.આઈ.ડી.સી., ઉમરગામ રોડ, તા. ઉમરગામ, જી.વલસાડ વિરુધ્ધનું વસુલાત અર્થે સક્ષમ ઓથોરીટી સમક્ષ રીકવરી સર્ટીફિકેટ ઈશ્યુ કરવાનો આથી આદેશ કરવામાં આવે છે.

(૪) આ અરજી ખર્ચના રૂા.૩,૦૦૦/– સામાવાળાએ અરજદારને ચુકવી આપવા.

સ્થળ: વલસાડ
તા: ૧૬/૧૦/૨૦૨૧.

**(કુત્બુદ્દીન હાતીમભાઈ ટ્રંકવાલા)**
Code: GJ01213
પ્રિસાઈડીંગ ઓફીસર,
મજુર અદાલત, વલસાડ.